ફોન : ૨૩૨૨૬૨૫૧

સાંપ્રદાયિક નિવેદનો હવે બેલગામ થાય છે,
ને રાષ્ટ્રીય એકતાને આ ખોટો પયગામ જાય છે,
આ સંગ્રામ ખેલાય સંઘનો, કોણ જાણે કોની સામે?!
કરવતી જીભનું હથિયાર ઉગામતા જાય છે

| | |
|---|---|
| તેજાબ છાંટી | પ્રથમ ગ્રાસે, |
| - ને લગાડે મલમ, | લ્યો! ફરી વળ્યું પાણી, |
| બે ધારી નીતિ... | મેટ્રો ઉપર.. |
| (નિવેદનો સાથે ભાજપ અસંમત) | (વરસાદ નડ્યો) |




## ચિંતન

**ગતિભંગઃ સ્વરો હીનો ગાત્રે ખેદો મહદ્ભયં ।**
**મરણે યાનિ ચિહ્નાનિ તાનિ ચિહ્નાનિ યાચકે ॥**

ગતિમાં અવરોધ-ચાલી ન શકાય - લથડિયાં ખાઇ જવાય - શબ્દ ભંગ થાય - તૂટક તૂટક શબ્દોથી બોલી શકાય - તે પણ અવાજ તદ્દન ધીમો થઇ જાય - અને બીક-ડર-ભય લાગે જ્યારે મૃત્યુની ઘડી ગણાતી હોય ત્યારે માણસના આ શરીરે આવાં ચિહ્નો અનુભવાય છે. બરાબર એવાં જ ચિહ્નો માંગનાર 'યાચના' કરનારનું શરીર પણ અનુભવે છે.

અહીં, મૃત્યુની છેલ્લી ક્ષણો વખતે જે શરીરની પરિસ્થિતિ થાય છે એનું વર્ણન છે.

યાચના કરનાર જો સ્વમાની હોય અને સંજોગવસાત - ન છૂટકે કોઇ પાસે યાચના કરવી જ પડે તેમ હોય ત્યારે પણ એના પગ એ યાચક પાસે જવા માટે ઉપડતા નથી. યાચના કરતાં જીભ લોચા વળે છે. શબ્દો તૂટક તૂટક નિકળે છે. અવાજ ખૂબ ઊંડાણમાંથી બહાર આવે છે. એટલે કે મરવા જેવો ઘાત - આઘાત આ સ્વમાની માણસને લાગે છે.

યાચના અને મૃત્યુ સરખાં જ છે.

## સુવિચાર

- તમે તમારી જીંદગીનું નવું પ્રકરણ શરૂ કરી નહીં શકો, જો પહેલાંનું વાંચ્યા જ કરશો તો **- ચિત્રલેખા**
- જીવનમાં મુશ્કેલીઓ તો અનેક હોય છે, પરંતુ તે દરેકને એક રસ્તો હોય છે.. અને એ રસ્તો એને જ મળતો હોય છે કે જેનો ચહેરો સદા હસતો હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- આત્માને ખબર છે કે એને થયેલા ઘા કેવી રીતે રૂઝાવવા... પડકાર માત્ર મનને શાંત રાખવાનો છે **- રજનીશ**
- હું જે આંખોથી ઇશ્વરને જોઉં છું એ જ આંખોથી ઇશ્વર મને જુએ છે, અમારી નજર એક જ છે **- સંત રોબિન**
- પ્રેમ એક આગ છે.. પછી એ તમને હૂંફ આપે છે કે તમારું ઘર સળગાવે છે એ તમારે નક્કી કરવાનું છે **- બર્નાડ શો**
- તમે જેવા છો તે નહીં.. કેવા હોવા જોઇએ એ માન્યતા સાથે જીવવું જોઇએ **- દીપક ચોપરા**
- જેને પોતાના આત્મગૌરવનું ભાન છે તે કોઇ ચીજ મફત મેળવવાને બદલે પોતાના પૌરુષથી મેળવવાની ખેવના રાખે છે **- સ્વામી રામતીર્થ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સરકારી કચેરીમાં બેઠેલાં અમલદારોએ સત્તાની ભાંગ પીધી હોય છે એના નશામાં એમને વ્યવહારું માર્ગ દેખાતા નથી. કાયદા અને લખાણ જ એમના માટે 'અંતિમ આદેશ' હોય છે.

ચૂંટણી આવતી હતી. સરકારી સૂચના મુજબ મુલ્લાં નસરૂદ્દીન પોતાનું અને બીબીનું નામ મતદાર યાદીમાં છે કે નહીં તેની ચકાસણી કરવા ગયા.

સાહેબે જોઇ કહ્યું, તમારું નામ છે મુલ્લાંજી પણ તમારી બીબી તો 'મરી ગયા છે' એમ અમારા રેકર્ડ પર બોલે છે.

મુલ્લાંજી આજના કોમ્પ્યુટર યુગમાં એટલીવારમાં શું થઇ ગયું. એમ સમજી દોડતાં - દોડતાં ઘેર ગયા. બીબી તો સ્વસ્થ હતી - રસોઇ કરતી હતી.

મુલ્લાં ફરી બીબીને લઇ કચેરી એ ગયા સાહેબને કહ્યું, સાહેબ, આ જ છે મારા બીબી, જુઓ હજુ જીવીત છે - તમે મતદાર યાદીમાં 'મૃતક' બતાવી છે તો તમારી ભૂલ સુધારી લ્યો!

સાહેબ કહે મિયાં! નામ રહી ગયું હોય તો દાખલ થાય પણ અમારા રેકર્ડ પર જે મરી ગયા એ પછી કોઇ 'દિ જીવિત ન થાય.... બીબીએ પણ ઘણો કકળાટ કર્યો પણ વફાદાર અમલદાર ટસ ન મસ ન થયા. મુલ્લાં મરેલી બીબી ને લઈ પાછા ઘરે ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# હેપ્પી હાઉસવાઇફ...!! ના, હું લગ્ન પછી નોકરી નહીં કરું..!!

## વૃક્ષોની જેમ જીવન જીવવાનું છે, અડીખમ, વરસાદ, ટાઢ, તડકો સઘળું પસાર થાશે પંખીની જેમ હું પણ બેસીશ એની માથે, સંજોગો જયારે જયારે વીજળીનો તાર થાશે

રવિવારે જ્યોતિષચંદ્ર એમના મિત્ર મહર્ષિભાઇના દીકરા ઉત્સવ માટે કન્યા જોવા ગયા. આમ તો આ કંઈ એમનો પ્રથમ પ્રસંગ નહોતો. કન્યાને પ્રશ્નોત્તરી કરવાની અને પસંદગી કરવાની એ એમને ગમતું અને એમના મિત્રને પણ પુરતો ભરોસો કે આ ભાઇ સાથે હોય એટલે એની ચકોર દૃષ્ટિનો ફાયદો મળે....

ઉત્સવ ઉચ્ચ શિક્ષિત હતો, છ આંકડાના પગારની નામાંકીત કંપનીમાં જોબ હતી. દેખાવડો પણ હતો. અને એના સાથે લગ્ન કરવા ઘણી કન્યાના માંગા પણ આવતાં હતા. ટૂંકમાં કહોને આ વરરાજા ઑન ડિમાન્ડ હતા...

મહર્ષિભાઇ એમના પત્ની, મિત્રો અને ઉત્સવ ચારેય જણા કન્યાને ઘરે પહોંચી ગયા. ઔપચારિક વાતો બાદ કન્યા ઉર્વશી ચાની ટ્રેન સાથે આવી... જેનું નામ એવી દેખાવડી, લાઇટ લેમન કલરની સાડીમાં સજ્જ બિલકુલ આત્મવિશ્વાસ ભર્યાં ડગલાં માંડતી આવી, પ્રથમ નજરે જ સૌને ગમી ગઇ... કોમ્પ્યુટર વિષય સાથે એમ.ટેક. કરેલુ હતું, અને ઉર્શવી એક ખાનગી કંપનીમાં સોફ્ટવેર પ્રોગ્રામર તરીકે ૮૦ હજાર જેવી તગડી સેલરી સાથે કામ કરતી હતી...

ચા - પાણી નાસ્તાનો કાર્યક્રમ પત્યો. એકબીજાના પરિચય અને પરિવાર માટે કોઈ શંકા કરવાનો પ્રશ્ન નહોતો.... હવે, બંને જણાને થોડો સમય ફ્રી કરી દેવામાં આવ્યાં. વડીલો વાતોએ વળગ્યાં અને બંને જણાં પંદર મિનિટથી મિટીંગ કરી મલકાતે મોંએ દિવાનખાનાના સોફામાં આવીને ગોઠવાયાં... છોકરા-છોકરી એકબીજાને પસંદ પડી ગયાંની વધામણી આપવામાં આવી.

બંને પરિવાર અને છોકરો-છોકરી ખુશ હતા. લગ્ન પછી છોકરી નોકરી કરશે એવું માનીને બધી વાતો થઇ રહી હતી. બધું પાક્કું જ હતું. માત્ર બંને બાજુથી વડીલોએ મંજૂરીની મહોર મારવાની હતી. એટલામાં ઉર્શવી બોલી, 'મારે એક વાત તમને બધાને લગ્ન નક્કી થાય એ પહેલાં ચોખવટ કરવી આવશ્યક લાગે છે.'

સ્ટાર પ્લસ ચેનલમાં જેમ કહાનીમાં ટ્વીસ્ટ આવે અને બધાંના મોઢાં ખુલ્લાં રહી જાય એમ બધાં જ એકદમ સ્તબ્ધ થઇ ગયા, બધાંના ચહેરા પર પ્રશ્નાર્થ ચિન્હ હતો કે કન્યા શું ચોખવટ કરવા માંગે છે.

'લગ્ન પછી હું નોકરી કરીશ નહીં.' ઉર્વશીએ એકદમ શાંતિથી સ્પષ્ટ અભિપ્રાય આપી દીધો. બધાંને થોડું આશ્ચર્ય અને ઉત્સુકતા દેખાઈ. થોડીવાર પહેલાંનું ગંભીર વાતાવરણ થોડું હળવું પણ થયું. બધાંના મનમાં ઊઠેલાં વિવિધ તર્ક-વિતર્ક સામે આ પ્રશ્ન બહુ મોટો તો નહોતો જ. બધાં હવે નોર્મલ લાગી રહ્યાં હતા, એટલે જ્યોતિષચંદ્રએ મિત્રના ધર્મ નિભાવતાં પ્રશ્ન કર્યો, 'બેટાં, તુ આટલી ભણેલી-ગણેલી છે, ૮૦ હજારનો પગાર મેળવે છે. તમારા સંસારને મદદ થશે. તમારી મનગમતી વસ્તુ જલ્દીથી લઇ શકાશે. બંગલો - ગાડી - દાગીના ખુબ શરૂઆતમાં મળશે. કોઇ સંઘર્ષ નહીં કરવો પડે. આમ તો તું ખુબ મેચ્યોર્ડ દેખાય છે, પછી તું નોકરી નહીં કરે, એવું કેમ કહે છે?'

ઉર્વશી એકદમ દૃઢ નિશ્ચયથી મક્કતાપૂર્વક બોલી, 'તમારી વાત બિલકુલ સાચી છે. મને ઘણીબધી વસ્તુ લેવામાં મદદ થશે. રૂપિયા મળશે, પણ એની સામે ઘણીબધી વસ્તુઓ ગુમાવવી પણ પડશે. મારા મતે ગૃહિણી એટલે ઘરમાં સૌથી મહત્ત્વની વ્યક્તિ છે. આજના સુશિક્ષિત સમાજમાં રૂપિયાને જ ઘણું મહત્ત્વ આપવામાં આવે છે. કરોડરજ્જુનો મણકો જેમ શરીરનો ભાર અને સમતોલન જાળવે છે અને એટલે શરીર એકદમ વ્યવસ્થિત કાર્ય કરે છે, એમ ગૃહિણી એ ઘરની કરોડરજ્જુ છે. અંગ્રેજીમાં 'હાઉસવાઇફ' શબ્દ છે. જે એનું મહત્ત્વ ઓછું કરે છે. નોકરી કરનારી સ્ત્રી અને ગૃહિણી તરફ જોવાનો સમાજનો દૃષ્ટિકોણ જ ખોટો છે, એવું મને લાગે છે, ગૃહિણીનું મહત્ત્વ ઓછું અંકાય છે.'

મહર્ષિભાઇ બોલ્યા, 'તું કેમ આવું વિચારે છે.' પૈસાનું મહત્ત્વ ઓછું આંકીને કેમ ચાલશે?

ઉર્વશી, 'પૈસાને હું મહત્ત્વ આપું જ છું. ઉત્સવનો પગાર ખુબ જ સારો છે, એટલે સંસાર ચલાવવામાં કોઇ તકલીફ નહીં પડે. પણ પૈસા કરતાં હજી કેટલીય બાબતો એવી છે જે રૂપિયા ગણીનેય મેળવી નહીં શકાય. પોતાના બાળકોનો પ્રેમ, ઘરનાં વડિલોની સેવા કરી મળનારો આશીર્વાદ, મહેમાનોના સ્વાગતથી મળનારો આનંદ. એકદમ ટાપટીપ ચોખ્ખુ ઘર. ઘરમાં રહેનારું પ્રસન્ન વાતાવરણ. આ બધું પૈસા ખર્ચીને નહીં મળે.' થોડું અટકીને ઉર્વશી ફરી આગળ બોલી...

'બાળકો સ્કૂલેથી આવ્યા બાદ મમ્મીને જોઇને એમના ચહેરા પર દેખાનારો આનદં. મનને પ્રસન્ન રાખતો ઘરનાં આગણાનો ફુલોથી લચી પડેલો બાગ. રસોઇ ઘરમાંથી વિવિધ પદાર્થોના ઘમઘમાટ. આ બધું નોકરી કરનારી સ્ત્રી પ્રસન્ન ચિત્તે આપી જ ન શકે. સંપૂર્ણ સમય ગૃહિણી ન હોય એવું ઘર એ વિશ્રામગૃહ જેવું વધારે હોય છે. સ્કૂલમાંથી આવીને પગથિયાં પર બેસી ઓફિસથી આવનારી એની મમ્મીની બે કલાક રાહ જોતાં બાળકની માનસિક અવસ્થા તમને ખબર છે?'

'આખો દિવસ બેબી સીટરમાં રહેલાં બાળકની મમ્મીને ઓફિસથી આવીને ઘરકામમાં ખૂંપી જવું પડે છે. એની કેટલીયે ઈચ્છા હોય તોય એના બાળકના મોંઢા પર માયાળું હાથ ફેરવવાનો એની પાસે સમય નથી. નોકરી કરનારા પતિ-પત્નીના 'વિવાહસુખ'ની વ્યવસ્થા બદલાઇ જાય છે. નોકરી કરનારી સ્ત્રી અને એના પારિવારિક બલિદાનને હું સલામ કરું છું. પણ મને બીજો વિકલ્પ, એટલે નોકરી નહીં કરવાનો વધુ પસંદ છે. હું લગ્ન પછી નોકરી નહીં કરું.'

દર મહિનાની ૮૦ હજારની આવક જતી જોઇ અને કન્યાનો આવો સ્પષ્ટ ઉત્તર સાંભળી ઉત્સવની મમ્મીએ ઉર્વશીને પૂછ્યું, 'એટલે તું નોકરી કરીશ જ નહીં?'

ઉર્વશી પરિસ્થિતિ પામી ગઇ, 'મમ્મી, નોકરી કરવાનો મારો વિચાર નથી, છતાંય હું નોકરી નહીં જ કરું એવુંય નથી. મારા પરિવારને મારી નોકરીની આવક સિવાય કોઇ પર્યાય નહીં બચે એ દિવસે હું અવશ્ય નોકરી કરીશ. પરિસ્થિતિ જ જો વિકટ આવશે તો હું મારા કર્તવ્યને નિભાવીશ અને અવશ્ય એને સફળતાથી પાર પણ પાડીશ.'

ઉર્વશીના આ જવાબથી બધાં જ સંતુષ્ટ હતા. હાઉસવાઇફ શબ્દના અર્થનો દૃષ્ટિકોણ માત્ર ભૌતિક સુખો પાછળ ભાગતા સમાજને સમજાવવાનો એનો પ્રયત્ન સફળ રહ્યો.

સુખી-સંતોષી કુટુંબનો આધાર ગૃહિણી પર જ હોય છે. પરમેશ્વરે માતૃત્વની જવાબદારી સ્ત્રીને સોંપતા એને માયા, પ્રેમ, વાત્સલ્યનું વરદાન આપ્યું છે. બાળકોની શારીરિક, માનસિક અને ભાવનાની વૃદ્ધિમાં મમ્મીનો વ્યવહાર અને યોગદાન મહત્ત્વની ભૂમિકા ભજવે છે. મમ્મીનો પુરતો સાથ-સહવાસ ન મળતાં બાળકો ઓછા ભાગ્યશાળી હોય છે. એમનો સર્વાંગી વિકાસ કરવા માટે સર્વસ્વ માતા જ આ મોરચો સંભાળે છે અને એ માટે ગૃહિણી સ્ત્રી હોય અથવા મોટાભાગનો સમય ઘરે રહી શકે એવી સ્ત્રી હોય તો સાસુ-સસરાની સેવા, બાળકોનો અભ્યાસ-શોખ, પતિને ટેન્શન ફ્રી ટેકો, સારા - સંસ્કાર, બધું જ સમયની ચિંતા કર્યા વગર થઇ શકે છે.

એવું નથી કે નોકરી કરનારી સ્ત્રી આ બધું નથી કરી શકતી, પણ ફેર તો પડે જ છે. અને એટલે જ ઉર્વશીએ સ્પષ્ટતા કરી કે હું નોકરી નહીં કરું.... મહર્ષિભાઇના પરિવારે સહર્ષ ઉર્વશીની વાતને વધાવી ઉત્સવની જોડી જમાવી દીધી, કેમ બરાબર કર્યું ને?

**ચૂંટલો :**

આજે ભણવામાં હરણફાળ ભરતી દરેક છોકરીઓને ભણીને નોકરી કરવી છે, પૈસા કમાવી એમના મોજ શોખ પુરાં કરવાં છે. એમાં આવી પણ એકાદી છોકરી મળી જાય, જે બધું હોવા છતાં પરિવારને સુખી કરવા નોકરી - પૈસાને જગ્યાએ ગૃહિણી બની 'હેપ્પી હાઉસવાઇફ' બનવા માંગે છે.

# ગામ ને છોડ્યે ત્રીસ વરસ થયા, ત્યારથી અત્યાર સુધી ક્યારેય આટલું ચાલ્યો નથી, તે પણ આ ઉંમરે પહેલાંની વાત અલગ હતી, ગામડેથી શહેર ચાલતા જતા હવે તો થોડુંક ચાલીએ તો પણ થાક લાગે છે

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

ગમે તેટલી ઉતાવળ કરો તો પણ ઓફિસ પહોંચવામાં મોડું થઈ જ જાય છે. ઘેરથી વહેલા નીકળો તો બસની રાહ જોવામાં સમય વીતી જાય છે. ઓફીસ નજીકમાં હોત તો આવી મુશ્કેલી ન પડત. ચાલતા જ જતા રહેવાય. પરંતુ રોજબરોજ દસ કિલોમીટર ચાલતા જવાની જહેમત પણ ઉઠાવી ન શકાય. પાંચ કિલોમીટર આવવાના ને પાંચ કિલોમીટર જવાના.

એક જૂની સાયકલ છે. તે પણ બે મહિનાથી બગડી છે. અઢીસો-ત્રણસો રૂપિયા હોય તો બંને ટાયર ટ્યુબ બદલી શકાય. મહા મુશ્કેલીએ ઘરનો ખર્ચો ચાલે છે. ગમે તે કરો કોઇને કોઇનું દેવું તો ચડેલું રહે જ છે. વર્ષે એક વાર બોનસ મળે છે ત્યારે વિચારું છું કે કોઇ ચીજ લઈ લઉં. પણ જૂના કરજ માથે ચઢેલાં જ હોય છે. તેથી હવે તો વિચારવાનું બંધ કર્યું છે. વિચારવાથી કંઇ થતું નથી. ઉલટું મગજ ખરાબ થાય છે.

આ વખતે બોનસ મળ્યું ત્યારે વિચાર્યું કે ગરમ સૂટ નહીં તો એક કોટ સીવડાવી દઉં. બાકી રહ્યું પેન્ટ એ તો જે પહેરું તે ચાલશે. સાસરેથી સાળા-સાળીઓ જીજાજીને મળવા આવ્યા. મન મારીને તેમને આવકારવા પડ્યા. કોટ સીવડાવવાનો વિચાર સ્થગિત કરવો પડ્યો. હવે તો ખબર નહીં કેમ પણ કોઈ સંબંધીઓ આવી પડે તો મને તાવ આવી જાય છે.

એમ લાગે છે કે આજે પણ મોડું થઈ જશે. સાડા નવ તો ઘરેં જ વાગી ગયા. શ્રીમતી જયારે કયાંક જવાનું હોય ત્યારે જ કોઈ બખેડો લઈને આવી જાય છે.

'આફીસે જાવ છો?' તૈયાર થતાં જોઇને પત્નીએ પુછ્યું.

'કેમ શું છે?'

'સાંજ માટે કંઈ નથી.'

'તો? અત્યારે કહેવાનું, પહેલાં કહેવાતું નહોતું,' પત્ની પર ગુસ્સો આવ્યો. તેથી ગુસ્સાના લહેકામાં કહ્યું, 'તને તો આદત પડી ગઈ છે. જયારે બહાર નીકળવાનું હોય ત્યારે જ તારું રોતલ મોઢું લઈને સામે આવીને ઊભી રહી જાય છે.'

એ તો સ્વાભાવિક છે કે પત્નીને પણ ગુસ્સો આવી ગયો. તે બોલી. 'તો પછી મહિનાનું કરિયાણું ભેગું લાવી દેતા હોય તો, કોઇ ઝગડો જ ન રહે.'

'ઝગડા તો જિંદગીભર રહેવાના જ, ગમે તેટલું લાવી દઉં તને એ ઓછું જ પડવાનું.' પોતાની નબળાઇ છુપાવવા હું બોલ્યો.

હું તો સમસ્યા સામે મોઢું ફેરવી શકું એમ હતો. પણ પત્ની એવું કઇ રીતે કરે. તેને તો સમસ્યા સામે ઝઝુમવાનું જ હતું. તે બોલી. 'તો શું હું જ બધું ખાઈ જાઉં છું.'

'ખાઇ તો જતી નથી. પણ મારું એમ કહેવું છે કે સાચવીને ગણતરીપૂર્વક ખર્ચા કરવા જોઇએ.'

'ગણતરીપૂર્વક ખર્ચા કયાંથી કરું? પહેલાં તમારા કવિ મિત્રોના પુરા પડે તો બાકીનું વિચારું' પોતાની ખીજ ઉતારતાં પત્ની જવાબ આપ્યો.

'તારા ભાઈ બહેનો આવે છે એ કંઇ નહીં. મારા બે ચાર મિત્રો આવે છે એમાં તારા ખર્ચા વધી જાય છે.'

એકવાર જાતે જ ઘર ખર્ચ સંભાળીને જોઇ જુઓ. તો ખબર પડે. હું આ બધા વહેવાર ઘસેડું છું. બીજી કોઈ હોત તો ખબર પડત.' કહેતાં એ રડવા લાગી.

તેને હારી ગયેલ જોઇ મેં કહ્યું. 'સારું, હું કંઇક વ્યવસ્થા કરું છું.'

'શું કરશો?'

'એમ કરને મોદીને ત્યાંથી ઉધાર મંગાવી લે.'

'પપ્પુને મોકલેલો.'

'તો તેણે શું કહ્યું?'

તેણે કહ્યું કે લોટ નથી. કદાચ સાંજ સુધીમાં આવી જશે.

'તો સાંજ સુધીમાં તેને ત્યાં આવી જાય એટલે મંગાવી લેજે.'

'તે ઉધાર નહીં આપે.'

'કેમ?'

'પપ્પુ કહેતો હતો કે તેની નજર સામે બીજા ગ્રાહકને તેણે લોટ આપ્યો. પણ તેણે માંગ્યો તો કહી દીધું કે ખલાસ થઈ ગયો છે.'

'ગયા મહિનાના પૈસા બાકી છે. તેથી એમ કહ્યું હશે... બહું ચીંગુસ છે. તેણે વિચાર્યું હશે કે વધારે લઇ જશે તો પછી કોણ જાણે કયારે આપશે.'

'એનું આજ સુધી કયારેક બાકી રાખ્યું છે કે આ વખતે રહે. વધુમાં વધુ એવું થાય છે કે આ મહિનાના પૈસા બીજા મહિનામાં તો આપી જ દઈએ છીએ.' પછી જરાક વિચારીને તે ફરી બોલી. 'જો બહેન બબલી અને ભાઈ બંટી ન આવ્યાં હોત તો કદાચ આ મહિને જ ચુકવી દેત. એ બીચારાં પણ પહેલ વહેલાં આવ્યાં હતાં. કંઇ ન આપું તો પણ કેવું લાગે.'

ઓફીસે જવાનું મોડું થતું હતું. તેથી કહ્યું, 'છોડ હવે એ વાત, ઓફીસમાં કોઇ પાસેથી માંગી લઈશ.'

'કોની પાસે માંગશો?'

શ્રીમાળીને કહીશ. એ હમણાં એકલો જ છે. તેના ખરચા પણ ઓછા છે. પોતાની પાસે થોડી હાથવગી બચત રાખે છે.'

'તેની પાસેથી પણ ગયે મહિને પાંચસો રૂપિયા લીધેલાં. એ પાછા આપ્યા કે નહી.' પત્નીએ પૂછ્યું.

'પાછ આપ્યા હોત તો તેને ખબર જ હોત ને'

'એમ કરને તું કોઇ પાડોશણ પાસેથી માંગી લે, પહેલીએ દઇ દેજે.'

'કોની પાસે માંગુ, અહીં તો બધાની જ એજ હાલત છે. એક શકુંતલા બહેન છે. તેની પાસે જઇએ તો કલાક સુધી બેસાડી રાખે. પછી કહેશે કાલે આવ્યાં હોત તો જરૂ કંઇક વ્યવસ્થા કરી દેત. મને શું ખબર કે તમારે પૈસાની જરૂર છે. નહીંતર સેલમાંથી સાડી પછીથી લાવત. કાલે બજારમાં ગયેલી. એક સાડી ગમી ગઈ પાસૈ પૈસા હતા તેથી લઈ લીધી.' થોડીવાર શાંત રહ્યાં પછી પત્ની બોલી. 'તમે કહેતા હોતો ફરી એકવાર જઇ એનું ભાષણ સાંભળી આવું.'

'રહેવા દે, રમેશભાઈ પાસે માંગી લઈશ.'

'એ ય વળી કયાં, શકુંતલાબેનથી ઓછા ઊતરે એવા છે.'

'તને કયાંથી ખબર'

'તમે જ કહેતા હતા ને કે જયારે તેમની પાસે કોઇ ચીજ માંગો ત્યારે બહાનાં કાઢે છે. તમે જ કહીને પાછા ભુલી જાવ છો. હું તો કયારેય ભુલતી નથી. પોતાની યાદદાસ્ત ને વખાણતાં પત્નીએ જ કહ્યુ.'

'એક ટેન્શન હોત તો ઠીક છે. અહીં તો ઓફિસથી લઈને ઘર સુધી ટેન્શન જ ટેન્શનની હારમાળા રહે છે.' તો શું તમને એમ લાગે છે કે તમારે એકલોન જ ટેન્શન છે. મને કંઇ નથી. આખો દિવસ કામ કરી ને લોથપોથ થઈ જાઉં છું. રાતે સુતા આખું શરીર તૂટે છે.

'કામવાળી રાખી લે. થોડી રાહત મળશે. નક્કામી હેરાન થાય છે.' સહાનુભૂતિ બતાવતાં મેં કહ્યું. પણ પત્નીએ તેનો બીજો અર્થ કાઢ્યો. 'રાખી લો ને કોણે ના પાડી છે.' પોતાની હૈયા વરાળ કાઢતાં બોલી. 'આટલાં વર્ષો થયાં. મનથી કયારેય તમને એમ થયું છે કે આને કંઇ લાવી આપું. કેટલીયે વાર કહ્યું પીકચર જોવા લઇ જાવ, તો કહેશે કે ખર્ચો થઈ જાય છે. તમારે આમ પણ પત્ની નહીં નોકરાણીની જ જરૂર છે.'

વાતાવરણ બગડી રહ્યું હતું અને ઘડીયાળનાં કાંટા પણ આગળ વધતા હતા. તેથી સમય સાથે તાલ મિલાવતાં મેં કહ્યું 'ઓફિસેથી આવું પછી વાત, કંઇક વ્યવસ્થા કરીશ.'

આખો દિવસ ઓફીસના કામમાં મન ન લાગ્યું. ટેબલ પર સામે ફાઇલ ખોલીને બેસી રહ્યો. જેથી કોઇ જૂએ તો લાગે કે કામ કરું છું. આવી માનસિક હાલત બીજાઓની પણ થતી હશે. તેમાં કામ કઇ રીતે થાય.

આજ ઓફીસેથી પૈદલ ચાલી નીકળ્યો. વિચાર્યું એક વખતના બસના પૈસા બચશે. તો ઘરમાં કામ લાગશે.

પાછા ફરવામાં મોડું તો થવાનું જ હતું. તે થયું. તેથી જયારે ઘરે પહોંચ્યો. ત્યારે જોયું તો પત્ની બારણે જ ઊભી હતી. 'આજે મોડું કેમ થયું?'

'ચાલતો ચાલતો આવ્યો એટલે.'

'કેમ? બસના બૈસા નહોતાં?' પછી કંઈક વિચારીને બોલી. 'તમારા પેન્ટના ખિસ્સામાં દશની નોટ રાખલી. મળી નહીં?'

મેં સાચી વાત છુપાવતાં કહ્યું. ઓફીસેથી બળદેવભાઇ સાથે વાતો કરતો કરતો તેના ઘર સુધી આવી ગયેલો. પછી થયું કે અહીંથી હવે કયાં દૂર છે. તેથી ચાલતો જ આવી ગયો.

'આટલું તો તમે કયારેય ચાલ્યા નથી. થાકી ગયા હશો. હાથ મેં ધોઇ ફ્રેશ થાવ ત્યાં સુધીમાં હું ચ્હા બનાવી આપું.'

ગામ ને છોડ્યે ત્રીસ વરસ થયા. ત્યારથી અત્યાર સુધી કયારેય આટલું ચાલ્યો નથી. તે પણ આ ઉંમરે પહેલાંની વાત અલગ હતી. ગામડેથી શહેર ચાલતા જતા. હવે તો થોડુંક ચાલીએ તો પણ થાક લાગે છે. શરીરમાં તાકાત પણ કયાંથી હોય. ગામડાંના દૂધ ને ઘી ની વાત જવા દો. ચ્હાં પણ અહીં તો ગરમ પાણી જેવી. છતાં એના સહારે શરીર વેઢારુ છું.

થાકને લીધે આજની ચ્હા જરા વધુ સારી લાગી. સાથે ભજીયાં પણ મળ્યાં.

માણસને આરામ મળે તો એ આડુંઅવળું કંઇક વિચારવા લાગે છે. નહીંતર પોતાનામાં જ એટલો મશગુલ રહે કે બીજાની બાબતે વિચારવાની ફૂરસત જ ન મળે.

જરાક આરામ કર્યા પછી પત્નીને બોલાવી. 'પપ્પુની મમ્મી, જરા સાંભળે છે.'

'શું છે...? બીજી ચહાં લાવું? પત્નીએ રસોડામાંથી જ પૂછ્યું.'

'ના, એક વાત પૂછવી છે.'

'હમણાં આવી.'

તે આવી એટલે પુછ્યું કે પૈસાની સગવડ કયાંથી કરી. તેણે કહ્યું કે શકુંતલાબેન પાસે માંગેલા પણ એણે ના પાડી. પછી બીજા કોઇ પાસે માંગ્યાં નહીં. વિચાર કર્યો કે માંગવું મક્કામું છે. તેથી તમારી જુની ચોપડીઓ અને ડાયરીઓ, કાગળો, વેચી નાખ્યાં. બાર રૂપિયે કિલોને હિસાબે સાતસો રૂપીયા આવ્યાં.

આ વાત સાંભળી માથે હાથ દઈને હું બેસી પડ્યો. વર્ષોથી મહેતનથી ભેગી કરેલી સામગ્રી બાર રૂપીયા કિલોના ભાવે વેચાઇ ગઈ હતી. હું ઊંડા વિચારમાં ડૂબ્યો હતો, ત્યાં પત્નીએ કહ્યું, 'શું વિચાર કરો છો? એને કોઇ પુછતું ય નહોતું. તમે કેટલા જણને દેખાડેલી. કોઇ તમારી કવિતા કે વાર્તાઓ છાપવા તૈયાર નહોતું. એ તો સારું થયું કે પસ્તીવાળાએ બાર રૂપિયાનો ભાવ આપ્યો. આ મહિને કોઇ પાસેથી ઊછીના લેવા નહીં પડે.'

એક નિસાસો નાંખીને મેં કહ્યું, 'સારું થયું. આટલાં વર્ષોની મહેનતે આ મહિને દેવામાંથી ઉગારી દીધો.'

# દુનિયા રંગબિલોરી : દેખાવનો સંબંધ અને સંબંધનો દેખાવ

## દુઃખ તો આપણાં પોતાનાં જ આપણને આપતાં હોય છે, જાણીતી વ્યક્તિને જ આપણા વિશે ખબર હોય છે કે આપણને કઇ જગ્યાએ પ્રહાર કરવામાં આવે તો વાગે અને દુઃખ થશે

**ગુલમહોર**
**- દિનેશ દેસાઇ**

જે. કૃષ્ણમૂર્તિ માનવીના સ્થુળ દેહ અને સુક્ષ્મ દેહને આ રીતે સમજાવતા કે દરેક માણસ જે ભીતરથી છે, તેવો જ બહાર પણ હોય એવું હંમેશા બનતું નથી. માણસ જેવો દેખાય છે, એવો હોતો નથી. માણસ આત્મારુપ બની શકતો નથી. કારણ કે સ્વભાવ આડો આવે છે.

હિન્દી ફિલ્મની ગીતપંક્તિની જેમ એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતે હૈ લોગ... સામાજિક પ્રસંગો અથવા સમુહ મિલન-મુલાકાતોમાં જયારે બે વ્યક્તિ મળે ત્યારે પોતે સુખી હોવાનો અવશ્ય દાવો કરે. પરંતુ તે વ્યક્તિ કદાચ પોતાની જાતને છેતરી રહી હોય છે. પોતે જ પોતાને સવાલ પુછવાની જરુર હોય છે કે તે ખરેખર સુખી છે?

સામાજિક પ્રસંગોએ તો લોકો એકમેકને એવા ઉમળકા અને પ્રેમથી મળતા હોય છે કે જાણે એકમેક સાથે કેટલો બધો પ્રેમ અને લાગણીનો નાતો છે. પરંતુ તેમના ચહેરાને વાંચતા જ ખ્યાલ આવી જાય કે આ તો પ્લાસ્ટિકનું સ્માઈલ છે. જાણે લોકો ખુશી, સ્મિત, આનંદનો ચહેરા ઉપર મેકઅપ કરીને જ ઘર બહાર નીકળતા હોય એવું જોવા મળે.

દરેક માણસ જયારે એકમેકને મળે ત્યારે એમ પુછે છે કે, કેમ છો? અને જવાબમાં સામી વ્યક્તિ કહે છે કે, મજામાં... પરંતુ શું ખરેખર વ્યક્તિ મજામાં હોય છે ખરી? આ જવાબથી સામી વ્યક્તિને કોઈ ફેર ન પણ પડે. પરંતુ મજામાં... કહીને આપણે આપણી જાતને જ છેતરતા હોઈએ છીએ.

દરેક વ્યક્તિ પહેલી વાર જયારે એકબીજાને મળે છે તે ઉષ્મા અને સુષ્મા દરેક વખતની મુલાકાત વખતે કેમ અનુભવાતી નથી? આપણે જેમને ઓળખતા હોય તેમને ફરી મળવાનો ઉમળકો થાય એવું ઓછું બને છે. કારણ કે બે અજાણ્યા માણસ પહેલી વાર મળે ત્યારે એકમેકની કોઈ જ ખામી-ખુબી જાણતા ન હોવાથી એકસરખાપણું અને સંવાદીતા પણ જળવાઈ રહે છે. કોઈ પણ વ્યક્તિને ખોતરો તો ઘાવ જોવા મળે અથવા નવા ઘાવ પણ પડે. ઢંકાઈ રહેવાનું આ સુખ છે, જે સંબંધની ઉષ્મા અને સુષ્મા પણ જાળવી રાખે છે.

બે અજાણી વ્યક્તિ એકમેક વિશે કશું જાણતા ન હોય અથવા જણાવવા પણ ન માગતા હોય એ પણ એક અર્થમાં તો તંદુરસ્ત સંબંધ જાળવી રાખવા માટેની સારી નિશાની જ છે. ઘણા કિસ્સામાં અપરિચિત વ્યક્તિ એકમેકને આંજી નાખવા અને પોતાના પ્રભાવ હેઠળ લઈ લેવા જ પ્રયાસ કરતી હોય છે. અજાણ્યા હોવાનું આ સુખ છે. કોઈ જાતનો ભાર રહેતો નથી. કોઈ પદ, ધન, કીર્તિ કે મોભો વગેરેનો ભાર મૂકીને સંબંધનો સરવાળો કરવા જેવો છે. આમ કરવું સહેલું નથી તો અઘરું પણ નથી.

સંબંધ નિભાવવામાં આપણે જાણીએ છીએ કે પહેલી, બીજી કે ત્રીજી મુલાકાત સુધી અપરિચિતતા અથવા બાહ્યઙ્મેકઅપ અથવા દંભ યા શિષ્ટાચાર ટકી જાય છે. બે વ્યક્તિ એકમેકની નજીક આવે તેમ એકમેકને ઓળખતી પણ થાય છે. આપણે જેનાથી પરિચિત હોઈએ છીએ તેને મળવામાં સુખ મળતું નથી, કારણ કે આપણને ખબર હોય છે કે દુઃખ, વિષાદ, વેદના, આંસુ, તિરસ્કાર અને દુશ્મની હંમેશા આપણા પોતાના જ આપણને આપતાં હોય છે. અજાણી વ્યક્તિ કે જે આપણને ઓળખતી જ ના હોય તે વ્યક્તિ ભલા આપણને દુઃખ દઈ જ શકે, કઈ રીતે? એવું શક્ય જ નથી. આથી આપણને દુઃખ દેવા માટે સામી વ્યક્તિએ આપણી સાથે પહેલા તો પરિચય-સંપર્ક કેળવવો પડે અને સંબંધ બાંધવો પડે.

દુઃખ તો આપણાં પોતાનાં જ આપણને આપતાં હોય છે. જાણીતી વ્યક્તિને જ આપણા વિશે ખબર હોય છે કે આપણને કઈ જગ્યાએ પ્રહાર કરવામાં આવે તો વાગે અને દુઃખ થશે. આપણને ન ઓળખતી અને સાવ અજાણી વ્યક્તિને તો શું ખબર હોય કે આપણા ઘાવ ક્યાં અને કયા કયા છે. વ્યક્તિ અંદરથી અને બહારથી જુદી હોય છે.

વ્યક્તિ બહાર ખુશી સજાવી રાખે છે અને પોતાનાં દુઃખ-દર્દ ભીતર છુપાવી રાખે છે. પરંતુ જયારે સંબંધમાં સામીપ્ય ને નિકટતા કેળવાતી જાય ત્યારે એક વ્યક્તિ સામી વ્યક્તિમાં વિશ્વાસ મૂકતો જાય અને ખુલ્લી થતી જાય છે. આવું ખુલ્લાપણું વિશ્વાસના પાયા ઉપર ટકેલું હોય છે. પરંતુ મોટા ભાગના સંબંધોમાં વિશ્વાસનો લોપ થઈ જતો હોય છે અને અહી જ સંબંધમાં પૂર્ણવિરામ પણ મૂકાઈ જતું હોય છે.

**સ્ટોપર :-**

જો તમારે કોઈના દુશ્મન બનવાનું હોય તો પહેલા દોસ્ત બનવું પડે છે. કેમ કે દોસ્ત બન્યા વિના દુશ્મની સંભવ જ નથી, શક્ય જ નથી. અજાણી વ્યક્તિ તમારો દોસ્ત પણ ન હોઈ શકે યા દુશ્મન પણ ન હોઈ શકે. **- જે.કે.રોલિંગ**